કોઈ અઘટિત ઘટના ન બને તે માટે પોલીસ બંદોબસ્ત

કલાલીમાં દબાણો પર કોર્પોરેશનનું બુલડોઝર: TP-51નો 18 મીટરનો માર્ગ ખુલ્લો થતા વિકાસનો પથ મોકળો

10 સોસાયટીના 4000થી વધુ રહીશોને વર્ષોની હાલાકીમાંથી મળી મુક્તિ

(પ્રતિનિધિ) વડોદરા તા.3

શહેરના પશ્ચિમ વિસ્તારમાં આવેલા કલાલી વિસ્તારમાં વડોદરા મહાનગરપાલિકા દ્વારા આજે એક મોટી કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ટીપી સ્કીમ નંબર 51 હેઠળ વર્ષોથી અટવાયેલા 18 મીટર પહોળા રોડ પરના ગેરકાયદેસર દબાણો દૂર કરી રસ્તો ખુલ્લો કરવામાં આવ્યો હતો. આ કામગીરીને પગલે સ્થાનિક રહીશોમાં ભારે ખુશી જોવા મળી હતી અને તેઓએ કોર્પોરેશનના અધિકારીઓનું પુષ્પગુચ્છ આપી સ્વાગત કર્યું હતું. મળતી માહિતી મુજબ, કલાલી વિસ્તારમાં ચાણક્ય નગરીથી વેદાંત સનશાઈન તરફ જતો આ 18 મીટરનો રોડ સરકાર દ્વારા મંજૂર થયેલો હતો. જોકે, કેટલાક સ્થાનિક ખેડૂતો દ્વારા રોડ પર ગેટ, પતરાં મારીને તેમજ અન્ય રીતે દબાણ કરવામાં આવ્યું હતું, જેના કારણે વાહન વ્યવહારમાં મુશ્કેલી પડતી હતી અને વિસ્તારના વિકાસ કાર્યો અટવાયેલા હતા. મ્યુનિસિપલ કમિશનરના આદેશ અનુસાર, વડોદરા કોર્પોરેશનની દબાણ શાખા, ટીપી વિભાગ અને ટીડીઓની ટીમે સંયુક્ત રીતે આ કાર્યવાહી કરી હતી. કોઈ અઘટિત ઘટના ન બને તે માટે પોલીસ બંદોબસ્ત, ફાયર બ્રિગેડ અને જીઈબી ની ટીમો પણ સ્થળ પર હાજર રહી હતી. બિલ્ડીંગ ઈન્સ્પેક્ટર ગૌરવ પટેલે જણાવ્યું હતું કે, અગાઉ નોટિસ આપવા છતાં દબાણ દૂર ન થતા આજે 18 મીટરના માપ પ્રમાણે રોડ ખુલ્લો કરવાની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. સ્થાનિક અગ્રણીઓના જણાવ્યા અનુસાર, આ રસ્તો ખુલવાથી પાછળના ભાગે આવેલી અંદાજે 10 જેટલી સોસાયટીઓના 1000થી વધુ મકાનોમાં રહેતા અંદાજે 4000 લોકોને સીધો ફાયદો થશે. રસ્તો ખુલવાથી હવે આ વિસ્તારમાં ડ્રેનેજ અને પાણીની લાઈનો જેવી પાયાની સુવિધાઓ પણ ઝડપથી મળી શકશે. વર્ષોની પ્રતિક્ષા બાદ રોડ ખુલ્લો થતા સ્થાનિકોએ હાજર રહેલા કોર્પોરેશનના અધિકારીઓ અને પોલીસ કર્મચારીઓનો આભાર માન્યો હતો. સ્થાનિક રહીશોએ ઉત્સાહપૂર્વક અધિકારીઓને ફૂલ આપીને વધાવ્યા હતા અને તંત્રની આ કામગીરીને બિરદાવી હતી.

ટ્રાફિકને નડતરરૂપ લારી-ગલ્લા અને ગેરકાયદે ફેન્સિંગનો સફાયો

વડોદરામાં પાલિકાનું 'મેગા ઓપરેશન': લહેરીપુરા અને કારેલીબાગમાં બુલડોઝર ગુંજ્યા, રસ્તાઓ ખૂલ્લા કરાયા!

પોલીસ કાફલા સાથે પાલિકાની ટીમે 600 મીટર સુધીના દબાણો તોડી પાડ્યા

(પ્રતિનિધિ) વડોદરા તા.3

વડોદરા મહાનગરપાલિકાના દબાણ અને સિક્યુરિટી વિભાગ દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં ટ્રાફિકને નડતરરૂપ અને ગેરકાયદેસર રીતે ખડકાયેલા દબાણો દૂર કરવાની સઘન ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. તારીખ 03-02-2026ના રોજ વડોદરાના લહેરીપુરા દરવાજાથી લઈને પદ્માવતી શોપિંગ સેન્ટર અને કારેલીબાગ વિસ્તારમાં પાલિકાની ટીમે કડક કાર્યવાહી કરી માલ-સામાન જપ્ત કર્યો હતો. પાલિકાના દબાણ વિભાગ દ્વારા લહેરીપુરા દરવાજા અને પદ્માવતી શોપિંગ સેન્ટર પાસે સતત રહેતા દબાણોને દૂર કરવા માટે ખાસ ટીમ તૈનાત કરવામાં આવી હતી. વોર્ડ નં. 14ની ટીમે પદ્માવતી, લહેરીપુરા ગેટ, માંડવી ગેટ, આરાધના ટોકીઝ અને શહીદ ભગતસિંહ સર્કલ સુધીના માર્ગો પરથી લારી-ગલ્લા અને પથારાવાળાઓના દબાણો દૂર કર્યા હતા. આ કામગીરી દરમિયાન નડતરરૂપ સામાન પણ જપ્ત કરવામાં આવ્યો હતો. બીજી તરફ, વોર્ડ નં. 13ની ટીમ દ્વારા કાલાઘોડા સર્કલથી એમ.એસ. યુનિવર્સિટી સુધી દબાણ હટાવવાની કામગીરી કરવામાં આવી હતી. કારેલીબાગ અને એરપોર્ટ પાસે આશરે 500 થી 600 મીટર જેટલી ફેન્સિંગ અને કાચા-પાકા દબાણો તોડી પાડવામાં આવ્યા હતા. આ સમગ્ર દબાણ હટાવો ઝુંબેશમાં વડોદરા મહાનગરપાલિકાના દબાણ શાખાના અધિકારીઓ, સી.પી. વિભાગ, એટલાદરા પોલીસ સ્ટેશનનો કાફલો, ફાયર બ્રિગેડ, મેડિકલ ટીમ અને MGVCLના કર્મચારીઓ સાથે મળીને કામગીરી કરી હતી. ફતેગંજથી અમિત નગર બ્રિજ સુધીના માર્ગોને પણ દબાણ મુક્ત કરવામાં આવ્યા હતા.

નાર્કોટિક્સ અને ઠગાઇના બે આરોપીઓને પકડી સ્થાનિક પોલીસને સોંપ્યાં

આર્મ્સના ત્રણ ગુનામાં ફરાર આરોપીને 'ઓપરેશન પરાક્રમ' હેઠળ SOGએ ઝડપ્યો

25 વર્ષથી ફરાર આરોપીને ઉત્તર પ્રદેશથી ઝડપી પાડવામાં આવ્યો

(પ્રતિનિધિ) વડોદરા તા.3

વડોદરા ગ્રામ્ય પોલીસ દ્વારા અલગ અલગ ગુનામાં નાસતા ફરતા ત્રણ આરોપીને એસઓજી તથા પેરોલો ફર્લો સ્કોડ દ્વારા ઝડપી પાડવામાં આવ્યાં છે. જેમાં આર્મ્સ એક્ટના ગુનામાં 25 વર્ષથી ફરાર આરોપીને યુપીથી, નાર્કોટિક્સના ગુનાના આરોપીને એમપી તથા ઠગાઇના ફરાર આરોપીને સુરતથી દબોચી લેવાયો છે. વડોદરા જિલ્લાના ગ્રામ્ય પોલીસ અધિક્ષક સુશિલ અગ્રવાલ દ્વારા 'ઓપરેશન પરાક્રમ' હેઠળ બુટલેગર્સ, હથિયાર ખરીદ-વેચાણની પ્રવૃતિઓ સાથે સંકળાયેલા ઈસમો તથા ગેરકાયેદ પ્રવૃતિઓ આચરીના સતા-ફરતા આરોપીઓને ઝડપી પાડી તેમના વિરુધ્ધ કડક કાર્યવાહી કરવાની સુચના અપાઇ હતી. જેના આધારે ગ્રામ્ય એસઓજીની પીઆઇ બી એન ગોહિલ દ્વારા એસઓજીની અલગ અલગ ટીમો બનાવીને ફરાર આરોપીઓની શોધખોળ શરૂ કરાઇ હતી. દરમિયાન વાઘોડીયા પોલીસ સ્ટેશનના આર્મ્સ એકટના ગુનામાં આરોપી રામનિવાસ રામગોપાલ ખટીક છેલ્લા 25 વર્ષથી નાસતા-ફરતો હોય તેની હ્યુમન રીસોર્સીસથી તેમજ ટેકનીકલ એનાલીસીસથી આરોપીના આશ્રય સ્થાનોની માહિતી એકઠી કરી રામનિવાસ રામગોપાલ ખટીકને બરોના ગામ, તા.પટીયાલી, જી.કાસગંજ (યુ.પી.)થી ઝડપી પાડવામાં આવ્યો છે. આરોપીને એસઓજી દ્વારા આગળની કાર્યવાહી માટે વાઘોડીયા પોલીસ સ્ટેશન ખાતે સુપરત કરાયો છે. તેવી જ રીતે નાર્કોટિક્સના ગુનામાં છેલ્લા 6 વર્ષથી નાસતા ફરતા આરોપી મોતિરા જ્ઞાનસિંગ ઉર્ફે મીઠિયા ચૌહાણ (રહે. માટિયામોલ, વરલા જી. બડવાની એમપી)ને તેના રહેણાક ઘરેથી ગ્રામ્ય એસઓજી પોલીસની ટીમે ઝડપી પાડ્યો છે. ગ્રામ્યે પેરોલ ફર્લો સ્કોડ દ્વારા પાદરા પોલીસ સ્ટેશનના છેતરપિંડીના ગુનામા વોન્ટેડ આરોપી પ્રહલાદ રઘુનાથ સુથાર (રહે. વેમાલી વડોદરા, મૂળ રાજસ્થાન)ને સુરતમાંથી ઝડપી પાડવામાં આવ્યો છે.

કલ્યાણનગર ખાતે જમવાનું બગાડવા મુદ્દે ટોકતા મારામારી

બંને પક્ષોએ સામસામે ફરિયાદ નોંધાઇ

(પ્રતિનિધિ) વડોદરા તા.3

વડોદરા શહેરના કમાટીબાગ પાસે આવેલા કલ્યાણનગર ગુરુખાચાલની ખાતે રહેતા દિનેશ ઉર્ફે બેરીયો પાલસીંગ ગોરખાએ નોંધાવેલી ફરિયાદ મુજબ ગત 29 જાન્યુઆરીના રોજ તેમના ઘર પાસે આરોપી મહેશ છત્રા પરમાર જમવાનુ બગાડતો હતો. જેથી તેને ખોટુ જમવાનું કેમ બગાડે છે તેવી ટકોર કરતા મહેશ પરમારે તેમની સાથે ઝઘડો કર્યો હતો અને ઉશ્કેરાઇ શાકભાજી કાપવાના ચપ્પુ વડે હુમલો કર્યો હતો.

જેથી ઈજાગ્રસ્તને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જેથી પોલીસે હુમલાખોર વિરુદ્ધ હથિયારબંધી જાહેરનામાનો ભંગનો ગુનો સયાજીગંજ પોલીસે નોંધ્યો છે. તેવી જ રીતે મહેશ છત્રભાઇ પરમારે વળતી ફરિયાદ નોંધાવી છે કે રણબીર આમલેટની લારી પાસે કલ્યાણનગર ખાતે જમવા બેઠો હતો. તે દરમિયાન દિનેશ પારસિંગ ગોરખા વિપુલ માળી તથા કિશને લારી ખાતે વેપાર ધંધાનો હિસાબ લેવા આવ્યો હતો અને તુ જમવાનો કેમ બગાડ કરે છે તેમ કહી બોલાચાલી ઝઘડો ઝપાઝપી કરી તથા માર મારવાની ધમકી આપી મોઢાના ભાગે મુક્કા માર્યાં હતા. ત્યારબાદ દંડા વડે હુમલો કરવામાં આવ્યો હતો. જેથી સયાજીગંજ પોલીસ દ્વારા બંને પક્ષોએસામસામે નોંધાવેલી ફરિયાદના આધારે ચાર લોકો સામે ગુનો દાખલ કરીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

વડોદરા મનપા દ્વારા 32 હજાર ઘરોનું સર્વેક્ષણ, 140 પાણીના નમૂનાની તપાસ

'હેલ્થ મિશન': પાણીજન્ય રોગચાળાને નાથવા 1.37 લાખની વસ્તીમાં મેગા સર્વે

10 હજાર ક્લોરીન ટેબ્લેટનું વિતરણ કરી તંત્ર એક્શન મોડમાં

(પ્રતિનિધિ) વડોદરા તા.3

શહેરમાં બદલાતા હવામાન દરમિયાન પાણીજન્ય રોગચાળો ન ફેલાય તે માટે વડોદરા મહાનગરપાલિકાનું આરોગ્ય તંત્ર એક્શન મોડમાં આવ્યું છે. વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનના આરોગ્ય વિભાગ દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં ઝાડા, ટાઈફોઈડ, કોલેરા અને કમળા જેવા પાણીજન્ય રોગોના અટકાયત માટે સઘન અને આયોજનબદ્ધ કામગીરી હાથ ધરવામાં આવી છે. આરોગ્ય વિભાગની ટીમો દ્વારા આજે શહેરના જુદા-જુદા વિસ્તારોમાં કુલ 32,233 ઘરોનું સર્વેક્ષણ કરવામાં આવ્યું હતું. આ સર્વે દરમિયાન અંદાજે 1,37,055 જેટલી વસ્તીને આવરી લેવામાં આવી છે. આ કામગીરીનો મુખ્ય હેતુ બીમારીના લક્ષણો ધરાવતા દર્દીઓને વહેલી તકે શોધી કાઢવાનો અને નાગરિકોને સાવચેત કરવાનો છે. શહેરીજનોને શુદ્ધ પાણી મળી રહે તે સુનિશ્ચિત કરવા માટે 805 જેટલા આરોગ્યકર્મીઓ અને પબ્લિક હેલ્થ લેબોરેટરી દ્વારા એન્જિનિયરિંગ વિભાગના સંયુક્ત ઉપક્રમે કુલ 140 પાણીના નમૂના લેવામાં આવ્યા હતા. આ ઉપરાંત, અસરગ્રસ્ત અને સંભવિત વિસ્તારોમાં ORS પેકેટ 1559 ક્લોરીન ટેબ્લેટ 10140 આરોગ્ય શિક્ષણ 1864 સામગ્રીનું વિતરણ કરવામાં આવ્યું છે. માત્ર સારવાર જ નહીં પરંતુ સાવચેતી એ જ શ્રેષ્ઠ ઉપાયના મંત્ર સાથે તંત્ર દ્વારા શાળાઓ, આંગણવાડીઓ અને જાહેર સ્થળો પર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. લોકોને સ્વચ્છ પાણી અને સલામત ખોરાકના ઉપયોગ અંગે જાગૃત કરવામાં આવ્યા હતા.

બોક્ષ:- તંત્રની નાગરિકોને અપીલ: કોર્પોરેશન દ્વારા જનતાને વિનંતી કરવામાં આવી છે કે તેઓ હંમેશા ઉકાળેલું અથવા ક્લોરીનયુક્ત પાણી જ પીવે. ખુલ્લો કે અસ્વચ્છ ખોરાક લેવાનું ટાળે અને ભોજન પહેલાં તેમજ પછી હાથ સ્વચ્છ રાખે. જો કોઈને ઝાડા-ઊલટી કે તાવના લક્ષણો જણાય, તો વિલંબ કર્યા વિના નજીકના સરકારી આરોગ્ય કેન્દ્રનો સંપર્ક કરવો.

વડોદરા પાલિકાનો 'માસ્ટર સ્ટ્રોક'

રસ્તાઓ પરથી દબાણો સાફ કરી સર્જશે 'ગ્રીન કોરિડોર'

વડોદરા: શહેરના જાહેર માર્ગોને મોકળા કરવા અને પર્યાવરણ સુરક્ષાને પ્રાધાન્ય આપવા માટે વડોદરા મહાનગરપાલિકાએ એક મહત્વપૂર્ણ અભિયાન હાથ ધર્યું છે. પાલિકા દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં રસ્તા પર નડતરરૂપ એવા ગેરકાયદે દબાણો દૂર કરી, તે ખાલી થયેલી જગ્યાઓ પર સઘન વૃક્ષારોપણ કરવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. આ નવતર અભિગમથી શહેરની સિકલ બદલાઈ રહી છે. વડોદરા મહાનગરપાલિકાની અખબારી યાદી મુજબ, શહેરના મુખ્ય અને આંતરિક માર્ગો પર વર્ષોથી જામી ગયેલા ગેરકાયદે દબાણોને કારણે ટ્રાફિકની ગંભીર સમસ્યા સર્જાતી હતી. પાલિકાના તંત્રએ કડક હાથે આ દબાણો દૂર કરતા હવે રસ્તાઓ ખુલ્લા અને વાહનચાલકો તેમજ રાહદારીઓ માટે સલામત બન્યા છે. આ કામગીરીથી ટ્રાફિક વ્યવસ્થામાં નોંધપાત્ર સુધારો જોવા મળ્યો છે. સામાન્ય રીતે દબાણો હટાવ્યા બાદ તે જગ્યા ફરીથી ગેરકાયદે પ્રવૃત્તિઓનો ભોગ બનતી હોય છે, પરંતુ પાલિકાએ આ વખતે દબાણમુક્ત થયેલી જગ્યાઓ પર તાત્કાલિક વૃક્ષારોપણ કરવાનો નિર્ણય લીધો છે. શહેરમાં ગ્રીન કવર વધારવું અને હવાનું પ્રદૂષણ ઘટાડવું. આગામી સમયમાં આ વૃક્ષો વટેમાર્ગુઓને છાયડો આપશે અને શહેરના પર્યાવરણીય સંતુલનને જાળવવામાં પાયાની ભૂમિકા ભજવશે.

સ્કાય વોક કે ડેથ વોક ? કરોડોના ખર્ચે બનેલી સુવિધા હવે મુસાફરો માટે જોખમી

વડોદરાનો એસ.ટી. ડેપો અને રેલવે સ્ટેશન ને જોડતો સ્કાઈ વોક હવે અસુવિધા વોક બન્યો

(પ્રતિનિધિ), વડોદરા. તા.3

વડોદરા શહેરના સેન્ટ્રલ એસ.ટી. ડેપો અને રેલવે સ્ટેશનને જોડતો લાખો-કરોડો રૂપિયાના ખર્ચે તૈયાર કરવામાં આવેલો સ્કાઈ વોક અત્યારે ભ્રષ્ટાચાર અને બેદરકારીનો નમૂનો બની ગયો હોય તેમ જણાય છે. મુસાફરોની સુવિધા માટે બનાવેલો આ બ્રિજ હાલ જર્જરિત હાલતમાં હોવાથી સુવિધાને બદલે જોખમ વધારે ઉભું કરી રહ્યો છે. વડોદરા સેન્ટ્રલ એસટી ડેપો થી રેલવે સ્ટેશન પ્લેટફોર્મ નંબર 6 સુધી પહોંચી શકાય તે હેતુથી આ સ્કાઈ વોક બનાવવામાં આવ્યો હતો. પરંતુ હાલની સ્થિતિ જોતા એવું લાગે છે કે તંત્ર તેને બનાવીને ભૂલી ગયું છે. અહીંયા જ્યાં ત્યાં કચરાના ઢગલાં જોવા મળી રહ્યાં છે. યોગ્ય સફાઈના અભાવે અસહ્ય દુર્ગંધને કારણે મુસાફરોએ નાક દબાવીને પસાર થવાની નોબત આવી છે. સાથે દેશી દારૂની પોટલીઓ જોવા મળી રહી છે જે બતાવે છે કે રાતના અંધકારમાં અહીંયા અસમાજિક તત્વોનો અડ્ડો બને છે. રાત્રિના સમયે પૂરતા પ્રકાશના અભાવે મુસાફરો, ખાસ કરીને મહિલાઓ સુરક્ષાને લઈને ચિંતિત રહે છે. જેથી આ સ્કાય વોક નો ઉપયોગ કરતા લોકો અહીંયાથી અવર જવર કરતાં ડરી રહ્યા છે. સ્થાનિક મુસાફરોનું કહેવું છે કે, સરકાર ટેક્સના પૈસા વાપરીને પ્રોજેક્ટ તો બનાવે છે, પણ તેની જાળવણી કોણ કરશે ? જો આટલો મોટો પ્રોજેક્ટ આટલી જલ્દી જર્જરિત થઈ જતો હોય તો તેના બાંધકામની ગુણવત્તા સામે પણ સવાલો ઉભા થાય છે. સ્કાઈ વોકની આ હાલત વડોદરાની 'સ્માર્ટ સિટી'ની છબી પર ડાઘ સમાન છે. શું તંત્ર કોઈ મોટી હોનારતની રાહ જોઈ રહ્યું છે ? મુસાફરોની માંગ છે કે આ સ્કાઈ વોક પર કાયમી ધોરણે સફાઈ તથા સુરક્ષાની વ્યવસ્થા ગોઠવવામાં આવે.

આરોપી ડ્રિન્ક & ડ્રાઇવના ગુનામાં સજા કાપી રહ્યો છે

માંજલપુર ફાટક પાસે બાળકને કચડનારના જામીન નામંજૂર

(પ્રતિનિધિ) વડોદરા તા.3

વડોદરા શહેરના લાલબાગ વિસ્તારમાં નવા વર્ષના આગલા દિવસે આવેલા અવધૂત ફાટકથી વિશ્વામિત્રી જવાના રોડ પાસે ગરીબ પરિવારના સભ્યો ફુટપાથ પર ઉંઘી રહ્યાં હતા. તે દરમિયાન 25 ઓક્ટોબર 2025ના રોજ મોડી રાત્રીના સમયે ચાલક નિતિન કિશન ઝા (રહે. કબીર કોમ્પલેક્ષ, ડોન બોસ્કો સ્કૂલ સામે મકરપુરા રોડ વડોદરા)એ પોતાના કાર ઓવરસ્પીડમાં દોડાવી હતી અને અને ફુટપાથ પર ઉંઘી રહેલા પરિવારના સભ્યો પર ચડાવી દીધી હતી.

જેમાં કાર નીચે કચડાઇગયેલા ચાર વર્ષના માસૂમ બાળકનું મોત નિપજ્યુ હતું. જ્યારે મૃતક બાળકની ગર્ભવતિ માતા સહિતના પરિવારના સભ્યોને ગંભીર ઈજાઓ પહોંચી હતી. જેથી પોલીસ દ્વારા આરોપી નિતિન ઝા વિરુદ્ધ ડ્રિન્ક એન્ડ ડ્રાઇવનો ગુનો દાખલ કરીને ધરપકડ કરી લેવાઇ હતી.

રાવપુરા પોલીસે આરોપી નિતિન ઝા કોર્ટમાં રજૂ કરીને રિમાન્ડ મેળવ્યાં હતા. ત્યારે રિમાન્ડ પુરા થતા જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી અપાયો છે. ત્યારે જેલમાં કાપી રહેલા આરોપી નિતિન ઝાએ વકીલ મારફતે જેલમાંથી જામીન મુક્ત થવા માટે રેગ્યુલર જામીન અરજી દાખલ કરાવી હતી. પરંતુ ગુનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને મેજિસ્ટ્રેડ દ્વારા રેગ્યુલર જામીન અરજી નામંજૂર કરી દેવામાં આવી છે.

વાહનો પાર્ક કરવા નહિ દેતાં ચાલકોમાં આક્રોશ

રેલવે સ્ટેશન પાછળ હોટેલોના સંચાલકોની મનમાની,તંત્ર ઘૂંટણીએ

જાહેર માર્ગને પોતાની જાગીર સમજતા હોટલ સંચાલકોની તરફેણમાં પાલિકા નતમસ્તક

પાલિકાની એક તરફી કામગીરીથી અનેક સવાલો ઉઠ્યા

(પ્રતિનિધિ) વડોદરા,તા.3

વડોદરા શહેરના રેલવે સ્ટેશન પાછળ પ્લેટફોર્મ નંબર છની સામેના ભાગે દિવસ રાત ખાણી પીણીની દુકાનો સહિત હોટેલો રાત દિવસ ધમધમી રહી છે. જોકે, જે પૈકી કેટલાક સંચાલકોએ જાહેર રસ્તો પોતાની જાગીર સમજી બેઠા હોય લોખંડી પાઈપો મારી પોતાના વાહનો પાર્ક કરવા માટે ઉપયોગ કરી રહ્યા છે.

અન્ય લોકોને વાહનો પાર્ક કરવા નહિ દેવાતા ચાલકોમાં છૂપો રોષ ફેલાયો છે. ત્યારે, શહેર ભરમાં દબાણો દૂર કરતું પાલિકા તંત્ર અહીં દબાણો હટાવવા કેમ તેના હાથ ધ્રુજી રહ્યા છે તેવા સવાલો ઉઠવા પામ્યા છે. વડોદરા શહેરમાં રેલવે સ્ટેશન પાછળ ચા નાસ્તા સહિતની હોટેલો દુકાનો આવેલી છે. જે દિવસ રાત ચાલે છે. સામેજ રેલવે સ્ટેશન હોવાથી અહીં મુસાફરોનો પણ ધસારો રહેતો હોય છે. ત્યારે, આ દુકાનો અને હોટેલોના સંચાલકો સરકારી જગ્યાને પોતાની જાગીર સમજી બેઠા હોય તેમ લાગી રહ્યું છે. પોતાની મિલકત બહાર જાહેર રસ્તા પર જ્યાં પેવર બ્લોક લગાવેલા છે. તેની ઉપર પોત પોતાની હદ મુજબ ચારે બાજુ લોખંડની પાઈપો મારી દીધી છે. જેનો ઉપયોગ માત્ર પોતાના વાહનો પાર્ક કરવા સહિત માટે કરી રહ્યા છે.

અન્ય લોકો આવે તો તેમને વાહનો પાર્ક કરવા દેતા નથી અને રેલવે સ્ટેશનમાં વાહનો પાર્ક કરવા જણાવવામાં આવી રહ્યું છે. આ હોટેલો અને દુકાનોના સંચાલકોએ સરકારી જગ્યામાં દબાણો કરી દીધા હોવા છતાં આજદિન સુધી વિસ્તારના કાઉન્સિલર, ધારાસભ્ય કે પાલિકાના કટકી કરવામાં માહેર અધિકારીઓનું ધ્યાન ગયું જ નહીં હોય ? અહીં સંચાલકો બેફામ બન્યા છે. જેના કારણે સામાન્ય નાગરિકોને ભારે મુશ્કેલી પડી રહી છે.

સમગ્ર શહેરમાં રસ્તાને અવરોધ રૂપ દબાણો દૂર કરી ટ્રાફિકનું ભારણ ઓછું કરવા કાર્યવાહી કરવામાં આવતી હોય છે. ત્યારે, આવા દબાણો દૂર કરવામાં કેમ પાલિકા તંત્રના હાથ ધ્રુજી રહ્યા છે તેવા સવાલો પણ ઉઠવા પામ્યા હતા.

વડોદરા મનપા દ્વારા 32 હજાર ઘરોનું સર્વેક્ષણ, 140 પાણીના નમૂનાની તપાસ

ગંદકીથી ત્રસ્ત વૃદ્ધની આત્મવિલોપનની ચીમકી પછી નિંદ્રાધીન તંત્ર સફાળું જાગ્યું

24 કલાકમાં ઉકેલ નહીં આવે તો પાલિકા કચેરીએ જીવ ટૂંકાવવાની જાહેરાત

(પ્રતિનિધિ) વડોદરા તા.3

શહેરના વાડી વિસ્તારના રહીશો 15 દિવસથી નરકાગાર જેવી સ્થિતિમાં જીવવા મજબૂર બન્યા છે. તંત્રની નિષ્ક્રિયતાથી કંટાળીને અંતે એક વૃદ્ધે આત્મવિલોપનની ચીમકી ઉચ્ચારતા પાલિકાના અધિકારીઓના જીવ અધ્ધર થઈ ગયા છે. વોર્ડ નંબર 14માં આવેલા વાડી વિસ્તારના મારુ ફળિયામાં છેલ્લા બે સપ્તાહથી ડ્રેનેજ લાઈનો ઉભરાઈ રહી છે. સ્થાનિકોના ઘર આંગણે ગંદા પાણી ફરી વળ્યા છે, જેના કારણે સતત દુર્ગંધ અને ગંદકીનું સામ્રાજ્ય ફેલાયું છે. સ્થાનિક રહીશોનો આક્ષેપ છે કે આ ગંદા પાણીને કારણે વિસ્તારમાં ડેન્ગ્યુ અને મેલેરિયા જેવા રોગચાળાનો ભય સતાવી રહ્યો છે. સ્થાનિક રહીશ ભરતભાઈએ આ અંગે અનેકવાર વોર્ડ ઓફિસે લેખિત અને મૌખિક રજૂઆતો કરી હતી. એક તબક્કે પાલિકાના કર્મચારીઓ સફાઈ માટે આવ્યા ખરા, પરંતુ સફાઈ માટેના સળિયા તૂટી જતાં તેઓ કામ અધૂરું મૂકીને રવાના થઈ ગયા હતા. ત્યારબાદ જ્યારે ભરતભાઈ રૂબરૂ ઓફિસે રજૂઆત કરવા ગયા, ત્યારે જવાબદાર અધિકારીઓ દ્વારા 'સાહેબ હાજર નથી' તેવો ઉડાઉ જવાબ મળતા તેમનો પિત્તો ગયો હતો. તંત્રની આડોડાઈ અને ઉદાસીનતા સામે આક્રોશ વ્યક્ત કરતા ભરતભાઈએ પ્રશ્ન કર્યો હતો કે, "કામ તમારે કરવાનું છે કે ઓફિસરે?" તેમણે તંત્રને અલ્ટીમેટમ આપ્યું છે કે જો આગામી ૨૪ કલાકમાં આ સમસ્યાનો કાયમી નિકાલ નહીં આવે, તો તેઓ પાલિકાની વડી કચેરી ખંડેરાવ માર્કેટ અથવા વોર્ડ ઓફિસની બહાર આત્મવિલોપન કરશે.